નમસ્કાર ગાંધીનગર

પમરાટ

રોજ ઊઠીને એ જ ફરીથી દળવાનું,
મળવાનું છુટ્ટા પડવાનું મળવાનું !
સુખ નામે એક સ્વપ્ન ગલોફામાં રાખી,
ધીરે ધીરે એને ખૂબ ચગળવાનું !
એક તણખલું છું કેવળ , ક્યાં મેરુ છું ?
ગમે તેમ ને ગમે તેટલું ચળવાનું !

- ઉર્વીશ વસાવડા

પાથેય

- રમેશ ઠક્કર

મનનો ગોખલો

એકવિધતા એ ગતિ માટેનું સ્પીડબ્રેકર છે.માણસ વિચારશીલ પ્રાણી છે અને એટલે જ એ સતત નવું નવું વિચારતો રહે છે..વૈવિધ્ય એ તાજગીની અનુભૂતિ બની જાય છે..આમ જોઈએ તો આપણું જીવવું એટલે ? રોજ ઉગતું પરોઢ..એની એ જ તડકા છાંયડાની ચડઉતર..અને એ જ ઢળતી સાંજ અને રાત્રીનો નીરવ અનુભવ.કોઈકને મળવું..આત્મીય થવું..એકમેકના નજીક આવવું અને પાછું એકમેકથી દૂર થવું કે છુટ્ટા પડવું.એકવિધ લાગતી સહુ કોઈની જિંદગી આમ જોઈએ તો એક લીટીનું આલેખન બની જાય..આમ છતાં આપણે જોઈએ છીએ કે દરેકનું જીવન એક આગવો વૈભવ હોય છે..જુદી જિંદગી છે મિજાજે મિજાજે..!આપણે ક્યારેય આ મર્મને જાણ્યા વગર જ એની એકવિધતાથી અકળામણ અનુભવતા રહીએ છીએ. એક આસ્થા સાથે જીવતો માણસ કેટકેટલી ઈચ્છાઓ અને એષણાઓને સંકોરતો રહે છે..કેટલાક મનોરથ કે કેટલાંક સ્વપ્ન ચગળવાની પણ મજા હોય છે..ઘણીવાર ભ્રમમાં જીવવાની મજા પડતી હોય છે..આપણે પર્વત થોડા છીએ ? આપણું અસ્તિત્વ તો એક તરણા જેવું હોય છે એ સતત ફરકતું રહે એ જ એની નિયતિ હોય છે !

આમ જોઈએ તો મનોરથ માણસને સમર્થ બનાવે છે.જો માણસજાત ઈચ્છાઓ ના કરે તો જગત ઠપ્પ થઈ જાય...ઈચ્છામાં સારી કે ખરાબ હોતી નથી..પણ ઈચ્છા ને રોકવી એ ખરાબ છે..એક બાજુ આપણે એમ કહીએ છીએ કે મન હોય તો માળવે જવાય..અને બીજી તરફ કહીએ છીએ મન ચંગા તો કથરોટમાં ગંગા ! ઈચ્છાના આટાપાટા ખરેખર અટપટા છે..

ખ્વાહીશ ક્યારેય અધુરી ના રાખવી..પણ મજા એ છે કે અતૃપ્તિ એ જ એનો પડછાયો છે...એટલે કે આપણે કરેલી તમામ ખેવનાઓ પરિપુર્ણ થાય એવું બનતું નથી.આ અસંતોષ જ પ્રગતિનો પથ બને છે.બીજીતરફ એવું પણ કહેવાય છે કે દુનિયાના તમામ દુઃખોની જનેતા જ ઈચ્છા છે..માટે એના ઉપર લગામ રાખો...એને કાબુમાં રાખો...

આ કશમકશ છે એટલે જ જીવન છે..અધૂરપ ના હોય તો મધુરપ કયાંથી સમજાય ? ઈચ્છા પૂર્તિ અને પ્રાપ્તિ બે પરિમાણો છે..આપણે આ બંને વિચારધારાની વચ્ચે કયાંક પસંદગી કરવાની હોય છે..વિવેકપૂર્ણ ઈચ્છા કદાચ સમતોલ અભિગમ ગણી શકાય.ઈચ્છાનું કદ શકિત કે સામર્થ્ય મુજબ થાય તો અતૃપ્તિના અભિશાપથી બચી શકાય.માણસની ઈચ્છાઓ પણ કેવી વૈવિધ્યસભર હોય છે? એક કવિ કહે છે-

આમ તો આપણી ઈચ્છાઓ લગભગ રોટી કપડા અને મકાનની આસપાસ જ અટકતી હોય છે!! ઈચ્છાને પૂરપાટ દોડાવવી એ પણ એક પડકાર છે..સંતોષ નામના સ્ટેશને એને અટકાવવી એ પણ કળા છે..એ જીવંત રહે તો જિંદગી છે..મરેલી ઈચ્છાઓ માટે કોઈ સ્મશાન હોતું નથી..મનના ગોખલા એ ઈચ્છાના પીરામીડ છે.ઈચ્છાની પેલે પાર પણ એક દુનિયા હોય છે..જેને તાગવી એ પણ સામર્થ્યનું કામ છે....

પ્રાદેશિક પક્ષોનું નિકંદન નિકળશે

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ બિહારમાં પાર્ટીના કાર્યાલયોના ઉદ્ઘાટન પ્રસંગે લોકશાહી માટે ઘાયક ગણી શકાય એવું નિવેદન કરીને બધાને ચોંકાવી દીધા છે. એમને ભાજપની વિચારધારાના તરાપે તરી જઈ દેશની કોંગ્રેસ પછીના ક્રમે આવતી પ્રાદેશિક પાર્ટીઓના રકાસની ભવિષ્યવાણી કરી અને તે પણ નીતીશકુમાર જેવા પ્રાદેશિક પાર્ટીના પ્રતિષ્ઠિત અને પ્રસ્થાપિત લોકનેતાની ધરતી પર જઈને. બધા જાણે છે કે ભાજપ નીતીશકુમારના ઓછાયા હેઠલ જ બિહારમાં વિકાસ સાધી શકેલ છે. છેલ્લે જાયરે વિધાનસભાની ચૂંટણીમાં નીતીશકુમારની પ્રાદેશિક પાર્ટી જદ (યુ) સાથે ગઠબંધન રચ્યું ત્યારે સામે ચાલીને એમને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવાની વ્યૂહરચના સ્વીકારાઈ હતી. એ પછી પાસવાનપુત્ર દ્વારા નીતીશકુમારના ઉમેદવારોના વોટ કપાય અને બિહારમાં સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપ ઊપસી આવે એવા કારસા કરાયા. જો કે સૌથી મોટી પાર્ટી તરીકે તો લાલુનંદનના નેતૃત્વ હેઠળની રાજદ ઊભરી આવી પણ 'એનડીએ' ગઠબંધન અન્વયે ભાજપના ચૂંટાયેલા ધારાસભ્યોની સંખ્યા નીતીશકુમારના જદ (યુ) ના ધારાસભ્યો કરતાં જરૂર મોટી હતી. ભાજપ વ્યૂહાત્મક રીતે હિંદુત્વ જેવા મુદ્દાઓ ઉછાળી બહુમતી મતદાતાઓની રખેવાળી કરનારી એકમાત્ર રાષ્ટ્રવાદી પાર્ટી તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકેલ છે. કોંગ્રેસની ભેજાગેપ પારિવારિક નેતાગીરીએ ગાંધી-નહેરુ-સરદારની એ મહાન પાર્ટીની આબરૂનું લિલામ કરી દીધું છે. નરેન્દ્ર મોદી માટે 'વિકાસ પુરુષ' કરતાં 'સંકલ્પ પુરુષ' જેવું વિશેષણ વપરાવું જોઈએ. એમનામાં અદ્ભૂત અને ખતરનાક માસ્ક વૃત્તિ (Kiling instinct) છે. એમને ધાર્યા નિશાન પાડ્યાં છે. અડવાણી અને મુરલી મનોહર જોષીથી લઈ હવે તો રાજનાથસિંહ અને નીતીન ગડકરી જેવા સાથીઓને પણ એ એમનું સ્થાન બતાવી જ રહ્યા છે. લખી રાખો : આ બેઉ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી નહીં લડે ! પાર્ટીમાં પોતાની સર્વોપરિતા સિદ્ધ કર્યા પછી અને દેશને 'કોંગ્રેસ મુક્ત' કરી દીદા પછી પાર્ટી માટે પ્રાદેશિક પાર્ટીઓનાં જાળાંઝાંખરાં સાફ કરવાનો જ કાર્યક્રમ રહે છે. બંગાળ, ઉત્તરપ્રદેશ, પંજાબ, દિલ્હી અને ઝારખંડથી લઈ દક્ષિણનાં રાજયોમાં ભાજપ સામે હવે કોંગ્રેસનો પડકાર નથી બચ્યો. શિવસેનાને રફેદફે કરી એમ તૃણમૂલ કોંગ્રેસ કે રાષ્ટ્રવાદી કોંગ્રેસનેને રફેદફે કરતાં વાર નહીં લાગે. ભાજપનું પેટ દંતકથાના વિકરાળ રાક્ષસ જેવું છે. એ મોઢું ફાટે ત્યારે ગીતાના કૃષ્ણની જેમ એમાં બધી જ પાર્ટીઓ અને પાર્ટીઓના સમર્થ નેતાઓ ઓરાઈ જતા લાગે. આ 'વિરાટ દર્શન' વાળી પાર્ટી જો હવે કોંગ્રેસ સહિત તમામ નાની મોટી પ્રાદેશિક પાર્ટીઓને અજગરની જેમ ગળી જવાની હોય તો કાળક્રમે દેશમાં નડ્ડાની કલ્પના મુજબ ભાજપનું એકચક્રી શાસન સ્થપાઈ શકે છે. હિંદુ બહુમતીની એવી ઈચ્છા હશે તો 'તથાસ્તુ' કહેવા સિવાય અદાલતો કે બૌદ્ધિકોનોય છૂટકો નથી ! પરંતુ શું એ પરિસ્થિતિ તંદુરસ્ત લોકતંત્ર માટે વિધાયક નહીં હોય ? વિપક્ષના ભ્રષ્ટ નેતાઓને તો વીણી વીણીને 'ઈડી' અને ઈન્કમટેકસ કે સીબીઆઈ સળિયા પાછળ ધકેલી દેશે, એમની નામનીય આબરૂ નહીં રહે ત્યારે સાવ જ 'દૂધે ધોયેલી' કાદવમાંથી કમળની જેમ ખીલી ઊઠેલી પાર્ટી જ દેશ પર શાસન કરતી હશે. માની લઈએ કે નડ્ડાની આ મનોકામના મોદીની હયાતીમાં જ ફળી શકે ; પણ તો પછી મોદી અને શી-જિન-પિંગ વચ્ચે કોઈ ફરક રહેશે કરો ?

રણબીરસિંહ, હવે ચર્ચામાં છે...



ભારતમાં સિને અભિનેતા અને અભિનેત્રીઓનું બહુ મોટું આકર્ષણ રહ્યુ છે. જાણીતા અભિનેતા અને અભિનેત્રીઓનાં અંગત જીવનમાં ડોકિયું કરવાની આપણને મજા આવે છે. આમ, પણ માનવ સ્વભાવ જ એવો છે કે એને પડોશમાં શું થતું હોય છે, એ જાણવાની જિજ્ઞાસા વધારે રહે છે. થોડા વખત પહેલાં સુસ્મિતાસેન ચર્ચામાં રહી હતી. લાંબા સમયથી સુસ્મિતા સેનની કોઈ ફિલ્મ આવતી નથી. હા, હોટસ્ટાર પર ધારાવાહિક 'આર્યા' ના બે ભાગમાં જોવા મળી હતી. પછી અચાનક એ લલિત મોદી (આઈપીએલ વાળા) સાથે ડેટ કરતી દેખાય અને તેની તસ્વીરો વાયરલ થઈને ભારતીયોએ કાનાફૂંસી શરૂ કરી દીધી. હવે, આ સુસ્મિતા સેન અને લલિત મોદીનો અંગત મામલો છે, એમાં આપણે પંચાત કરવાની કયાં જરૂર છે પણ નહીં આપણે... તો....

હવે રણવીર સિંહ એના ન્યૂડ ફોટો શૂટને કારણે ચર્ચામાં છે. વર્ષો પહેલાં એક એડ માટે મિલિંદ સોમણે પણ ન્યૂડ ફોટોશૂટ કરાવ્યો હતો. એ પછી ઘણી અભિનેત્રીઓએ પણ એ પ્રમાણે શુટ કરાવ્યું હતું. કરીના કપૂરે આખા શરીરે ચોકલેટ સોસ લગાવીને શૂટ કર્યું હતું. અભિનેત્રીઓઓ ન્યૂડ ફોટો શૂટ કરાવે છે ત્યારે બહુ ઊહાપોહ નથી થતો જેટલો અભિનેતાઓ ફોટો શૂટ કરાવે છે ત્યારે થાય છે ભારતીય માનસ કે વૈશ્વિક માનસ સ્ત્રીના શરીરને જોવાની ઝંખના ધરાવે છે. પણ પુરુષ માટે ન્યૂડ શૂટ કરાવે છે ત્યારે એની ટીકા કરવામાં આવે છે. આપણને એ નગ્નતાનો સાચો અર્થ જ ખબર નથી.શૃંગાર સાથે એનો સીધો સંબંધ છે. કોઈ ચોક્કસ હેતુસર એ રજૂ થતું હોય તો એ આવકાર્ય ગણવું જોઈએ પણ હેતુ માત્ર અશ્લીલતાનો હોય તો પ્રશ્ન થાય વળી, કોને અશ્લીલ ગણવું અને કોને અશ્લીલ ન જાણવું એ પણ સામેથી પ્રશ્ન છે.

મન-રંજન
દ્વનિલ પારેખ

ન્યૂડ ફોટોશૂટ એ કોઈ નવી વાત નથી.હોલીવૂડના ઘણા કલાકારો સમયાંતરે એ પ્રકારના શૂટ કરાવતા રહે છે. બોલીવુડમાં ઘણી અભિનેત્રીઓએ પણ આ પ્રકારના શૂટ કરાવ્યા છે. પણ જયારે લોકપ્રિય અંતે જાણીતા અભિનેતા એ પ્રકારનું શૂટ કરાવે ત્યારે આપણે સહન કરી શકતા નથી. અને ઊહાપોહ કરવાનું શરૂ કરી દઈએ છીએ. બાકી, રણવીર અભિનીત '૮૩' ફિલમ જે ક્રિકેટના વિશ્વકપ પર આધારીત છે. અને એમાં એ કપિલદેવની ભૂમિકા ભજવે છે. એ ફિલ્મમાં એણે કરેલા અભિનયને ધ્યાનમાં રાખીએ તો ખ્યાલ આવે કે એ એક અચ્છો અભિનેતા પણ છે. પબ્લિસિટી સ્ટંટ કરવાની એને કોઈ જરૂર નથી. સંજય લીલા ભણસાલીના દિગ્દર્શનમાં એ સુપરહીટ ફિલ્મો આપી ચૂક્યો છે અને સુંદર દીપિકા પાદુકોણ નો હેન્ડસમ ઘરવાળો છે. એણે ફોટોશૂટ કર્યું એ એનો અંગત મામલો છે, આપણે ડોકિયું કરવાનું છોડી દીએ તો સારું....

"ઝાંખા લાગે રસ્તા, ને પગલાં ભરતા ઉઝરડા થાય... ભાંગી પડાય જીવનથી ને, દોસ્ત નામનું આશ્વાસન ફૂટે સુંવાળું એમ પણ બને...
થાય જો મુઠ્ઠી બંધ જર્જરિત સપના તૂટતાં જોઇ દોસ્ત નામનું ખાતર ફરી વાવેતર કરે એમ પણ બને "

આપણે અનુભવીએ છીએ કે સોશિયલ મીડિયા માં આપણા અંગત એવા દોસ્ત ગમે ત્યારે અવેલેબલ હોય છે. એટલે આપણો આનંદ વધી જાયપઆપણે અનુભવીએ છીએ કે આપણે એકલા નથી. આપણા જેવા બીજા બકવાસ પણ છે દુનિયામાં.

મિત્રો દોસ્તીની ખરી પરિભાષા શુ?

બ્લડ ગ્રુપ એક ના હોય છતાં બ્લડ ડોનેટ કરવાનું મન થાય એ દોસ્ત . આટલી વાતમાં રડાતું હશે એમ કહી બહાર જઈ આંસુ પાડે એ દોસ્ત. "દોસ્તી એટલે એક એવુ સરનામું જ્યાં લિફ્ટ ના હોય છતાં બધા માળ ચડી જવાય. વ્યથા અને આનંદ, વહેંચવાનું સરનામું, જ્યાં વગર ટકોરે પહોંચી શકાય.

સાવ ફાલતુ એવી સલાહની આપલે કરી શકાય એ દોસ્ત.

આપણે સૌ જાણીએ છીએ કે બધા ને એક મિત્ર તો એવો હોયજ છે જેની પાસે દિલ ખોલીને બધી વાત કરી શકે.

જયારે જીવનમાં કોઈ મુસિબત આવે ત્યારે સૌથી પહેલા યાદ આવતી વ્યક્તિ એટલેમિત્ર. અને મિત્ર હોય જીવનમા તો જિંદગી માં ઉથલપાથલ થતી હોય તો પણ મજા છે બાકી સપાટ રસ્તા જેવું સીધા સીધાં જવું એના કરતા ઉતાર ચઢાવ , ખાડા ટેકરા સાથે દોસ્ત હોય તો માં રોમાંચ વધું લાગે છે. ચાલો આપણે આજે આપણને ખુદ ને ફ્રેંડશિપ રિકવેસ્ટ મોકલીએ. આપણે આપણા પણ દોસ્ત બનીએ.

મિત્રો સોશિયલમીડિયામાં ફેસબુકમાં ફ્રેન્ડ રિકવેસ્ટનું જ ઓપ્શન હોય છે, બીજા કોઈ સંબધનું નહીં.

શા માટે? કયારેય વિચાર્યું છે? કારણ એવું હોઈ શકે કે દુનિયામાં સૌથી સાચો અને મંહત્વનો સંબંધ હોય તો તે છે મિત્ર નો.

આપણે નવરા હોઈએ, કે અસહ્ય ચિંતામાં હોઈએ મિત્ર જ યાદ આવે. અને એ જ આપણને પીડામાંથી બહાર કાઢે.

મિત્ર એટલે 'રણ જેવી જિંદગીમાં આંસુનું ટીપું આપી પણ ભીનાશ આપે'

મિત્ર સિવાય કોઈ પૂછે કેમ છો તો બસ મજા એવું નીકળે અને મિત્ર પૂછે તો.. જાને લ્યા તને તો ખબર છે ને. સાલુ પેટ્રોલ પતી ગયું ત્યાંથી લઈ બોસ ના ઠપકા અને બાજુવાળી છોકરી... અને જાને ગાંડા આજે તો ખબર છે શું થયું, પેલી જોડે .... ને કોઈએ બ્લોક કર્યા હોય કે એક્સ વાય ઝેડ બોલી દઈએ.

દરેક સમસ્યાની હળવાશ મિત્ર જ હોય છે, તો આપણે આપણા ખુદના દોસ્ત બનવું પડે ખરું ને.

બીજાને કેમ છો નો જવાબ શાંતિ અને મજામાં કહેવા વાળા આપણે દરેક ગંભીર કે નાની મોટી સમસ્યા માટે પણ કાસ આટલું આસાન લઈ શકતા હોત.

કેમ છો નો જવાબ મજામાં, કે શાંતિ જ આપવા ટેવાયેલા આપણે સત્યને સ્વીકારી નથી શકતા.

તમે કે હું સંપૂર્ણ સ્વસ્થ નથી કે સંપૂર્ણ અસ્વસ્થ પણ નથી.

પણ !એટલું જાણીએ છીએ કે ભાગદોડ ભરી જિંદગીમાંથી પોતાના દોસ્ત માટે અમુક કલાક કે સેકન્ડ મળ્યા જ હશે તો એને શોધીએ અને ભરપૂર માણીએ.

એના માટે ક્યાંય ટુર ગોઠવવાની કે મુવીની ટિકિટ બુક કરાવવાની જરૂર નથી.

દોસ્ત ને કહો યાર મળવું છે.. સાંજે.. તો એ બધું પડતું મૂકીને આવી જશે . અને સોસાયટીના નાકે કે કોઈ ચાની કીટલી એ મળે તો પણ ફાઈવ સ્ટાર હોટલ કરતાં પણ બમણો આનંદ મળે.

"સૂકા થયેલા પાંદડા પર ઝાકળનું ટીપું મૂકી જોઉં
હું મારી હથેળી દોસ્તના હાથમાં આપી મને જ થોડું સ્પર્શી જોઉં"

મિત્ર સાથે વાત કરવી , મન ગમતું સંગીત વાગોળવું, રસોઈ કરતા કરતા, ડ્રાઈવિંગ કરતા કરતા મિત્રને યાદ કરવાં એ અહેસાસ કંઈક ઓર હોય છે. દોસ્ત આમ ખુશ રહેવાની આ રીત એકદમ અલગ જ અહેસાસ કરાવે છે, જાણે બધા સંબંધ, કોમ્પિટિશન, ટાર્ગેટ અને માથાકૂટથી દૂર કોઈ અલગ જ દુનિયામાં લઈ જાય છે .

મેકઅપ,સાડી, દૂપટ્ટાને સેપ્ટીપીન, આઈ લાઈનર, લિપસ્ટિક, જેન્ટ્સને ઈન, બેલ્ટ અને ગોગલ્સમાં જેટલો આનંદ મળે એટલો એકદમ રિલેક્સ મૂડમાં સાવ સિમ્પલ થઈ લઘર વઘર થઈ દોસ્ત સાથે રખડવા મળે એ વધુ હોય છે.

ઈસ્ત્રી કરેલા દુપટ્ટાને કરચલી કરી ખૂણામાં ફેંકી આપણે દુઃખ અનુભવતા હોઈએ ત્યારે વિચારવું કે આપણને મિત્રની જરૂર છે.

એમ પણ બને
પારૂલ અમિત

જયારે શારીરિક તકલીફ હોય કે માનસિક, શરીર અને મનથી આપણે સ્વાસ્થ ના હોય ત્યારે સ્ટ્રેટનિગ કરાયેલા વાળ પણ અંબોડો કરીને બાંધી દઈએ અને દોસ્ત પાસે જઈ બધુ ઠાલવી દઈએ તો જ સારુ લાગે છે. આનો મતલબ કે શાંતિ મેળવવા માટે આ બધાની પાછળ દોટ મુકવી એ નકામું છે.આપણને એક ફ્રેન્ડ રિકવેસ્ટની જરૂર છે.

જીવન જીવવા માટે આનંદ જરૂરી છે, આપણે પ્રેશર ને આપણા જીવનમાં સ્થાન આપી જીવનની મજા ગુમાવી દીધી છે.

જેમની પાસે દોસ્ત નામની ઔષધિ નથી તેઓ ગમે તે પરિસથિતિમાં મજા માણી શકતા નથી.

દરેક દર્દની મેડિસન દોસ્ત છે. પૂરો ઈલાજ ના કરી શકે પરિસ્થિતનો પણ પેઈન કિલર બની એ આફત સામે રાહત તો આપી જ જાય છે.

એક વસ્તુ સમજવી રહી કે જીવનમાં કોઈ વસ્તુ વગર નહિ ચાલે એ સાચું નથી જ અને ઈમરજન્સી, અર્જન્સી જેવું કંઈ જ નથી. જેના વગર નહીં ચાલે એ છે સાચો મિત્ર.

મિત્ર એટલે જ રિલેક્સશેસન હા માનસિક શાંતિ.

જે ઘટનાઓ ઘટે છે, તેમાંની અમુક જ કુદરતી હોય છે બીજી બધી આપણે જાતે ઉભી કરેલી કૃત્રિમ પીડા હોય છે માત્ર.

અસહ્ય પીડા કુદરત ક્યારેય આપતી નથી, આપણા દ્વારા જ આપણે ચિંતા, વ્યથા, અકળામણ, ગુસ્સોનો ડોઝ રોજે રોજ લઈ એને ગંભીર સ્વરૂપ આપીએ છીએ.

સહનશક્તિની વ્યાખ્યા પણ માણસે માણસે જુદી હોય છે, પરંતુ સ્વીકારવું રહ્યું કે દરેક પરિસ્થિતિ ક્ષણિક છે માત્ર, અને એ ઝડપથી વીતી જ જાય છે. અને મિત્ર

જે કંઈ થાય છેએ સારાં માટે થાય છે, મન તો મક્કમ અને મજબૂત જ હોવું જોઈએ. .

અત્યારે ઓનલાઈનના જમાનામાં બધું ટચ થેરાપીથી મળી જાય છે આસાન રીતે.

આપણા ફ્રેન્ડનું લિસ્ટ લાબુંલચાક હોય છે, આપણે સ્વસ્થના હોઈએ એવું સ્ટેટ્સ જો મૂકીએ તો વિશ્વનો સૌથી નજીકનો અને સૌથી પ્યારો અને સંબંધ દોસ્તીનો ઉંચો નીચો જરૂર થઈ જાય છે .

★વિશ્વનો સૌથી મોટો સાઈક્રિયાટિસ્ટ દોસ્ત હોય છે

આપણે અનુભવીએ છીએ કે સોશિયલ મીડિયા માં આપણા અંગત એવા દોસ્ત ગમે ત્યારે અવેઈલેબલ હોય છે. એટલે આપણો આનંદ વધી જાયપઆપણે અનુભવીએ છીએ કે આપણે એકલા નથી.

એને મળવું હોય તો અરીસા સામે ઉભા રહો આ દોસ્ત વર્ષોથી તમારા માટે ખડે પગે ઉભો હશે.

આજથી કંઈક મહાન શરૂઆત કરીએ, સંબંધનું રોકાણ કરીએ જ્યાં મિત્રતા ફુટી નીકળે અને બાળપણ ઉગી નીકળે એવા નિર્દોષ બની જઈએ.

આપણાં રીત-રિવાજોનું શાકમાર્કેટ ... એ રીંગણા લઈ લ્યો, ડુંગળી લઈ લ્યો ...

ભગવાન શ્રી રામનો જન્મ ત્રેતા યુગમાં થયેલો અને શ્રી કૃષ્ણનો જન્મ દ્વાપર યુગના પૂર્વાર્ધમાં થયેલો. એક મર્યાદા પુરુષોત્તમ હતા, બીજો રાવડી રાઠોડ જેવો નટખટ કન્હૈયો! ભારતીય સંસ્કૃતિની કથાઓ જીવનનું પ્રતિબિંબ પાડે છે. ભગવાન શ્રી રામ સંસ્કારી પુરુષ અને શ્રી કૃષ્ણ નટખટ, રોમેન્ટિક. ત્રેતા અને દ્વાપર યુગ વચ્ચે હળવેથી અવેલા સૂક્ષ્મ પરીવર્તનની વાત કરીએ. ત્રેતા યુગમાં સીતા માતાએ જાતે ટકોરા મારીને એટલે કે "સ્વયં-વર" દ્વારા શ્રી રામને પોતાના પતિ પસંદ કરેલા. ત્રેતા યુગમાં સમાજમાં પુરુષ આંગળી મૂકે એ નારી એની બની ન જતી, પરંતુ નારને પોતાના મનનો માણીગર પસંદ કરવાની સ્વાયત્તતા હતી. દ્વાપર યુગના અંતભાગે કાનુડાનો જન્મ થયેલો. શ્રી કૃષ્ણના બહેન સુભદ્રાની મરજી જાણ્યા વગર જ તેમના લગ્ન નક્કી કરી દેવાયેલા, પરંતુ શ્રી કૃષ્ણ સુભદ્રાજીના અર્જુન પ્રત્યેના પ્રેમને જાણતા હતા તેથી તેમણે મિત્ર અર્જુન પાસે સુભદ્રાનું અપહરણ કરાવીને હજારો વર્ષ પહેલાં સ્નેહ-લગ્નનો પાયો નાખેલો. પછીથી સમાજમાં સ્ત્રી-પુરૂષનાં પલડાં એકસમાન ન રહેતાં પુરુષ તરફી વધુ ઝુકી ગયેલાં.

અમે નોકરીએ લાગ્યાં પછી બીજા જ મહિનેથી બહુ માંગા આવ્યા. ! અને ચાલુ થયું કન્યા જોવાનું આંધળું કામ. મને તો કોઈ અનુભવ જ નહોતો. પરંતુ છોકરી જોવાનો મારો પહેલો અનુભવ મારા જેવો જ વિચિત્ર હતો. વતનમાં એક ગોરીને જોવા જવાનું થયું. અમે એમના ઘરે પહોંચ્યા તો એક રૂમમાં બેસાડ્યા. સામેની સેટી ઉપર હું ને મારા વડિલ બેઠાં. રૂમની બાકીની તમામ સેટીઓ અને સોફામાં ગોરીના પુરુષ કુટુંબીઓ ઠસોઠસ બેઠેલાં. આ તમામ કુટુંબીઓમાં એક વાત સમાન હતી, બ્રહ્મત્વની છડી પોકારતી શિખા !

પાણી આવ્યું ત્યાં સુધીમાં કેમ છો કેમ નહીં એવું અનેક પૂછાયું. આ તમામ બ્રાહ્મણો હું જાણે બીજા ગ્રહમાંથી આવ્યો હોઉં એમ મારી સામે ને સામે ધારી ધારીને જોઈ રહેલા. મારી નજર ક્યાંક જાય તો એ બધાં પણ ત્યાં જુએ, મારા વાળ સરખા કરું તો મારા હાથ સામે જુએ, હું મારા પગ સામે જોઈ રહ્યો હોઉં તો એ બધાં પણ મારા પગને જોઈ રે! હું તો મૂંઝાયો બરોબર, મને તો એ નહોતું સમજાતું કે, હું છોકરી જોવા આવ્યો છું કે આ બધા મને જોવા આવ્યા છે! શરમ, સંકોચથી મારું અસ્તિત્વ સાવ ચણી બોર જેવું થઈ ગયેલું. એટલે નક્કી કર્યું કે ચલો 'કુછ તુફાની કરતે હૈ!'

ગેલેરીમાં રૂમઝૂમ રૂમઝુમનો મંજુલ રવ સંભળાયો અને મને એક દુષ્ટ આઈડિયા આવ્યો! એ રૂમઝુમ દેહ જેવો રૂમમાં પ્રવેશ્યો કે તરત મેં તેને પગના અંગૂઠાથી માથા સુધી ધારી ધારીને જોવાનું ચાલુ કર્યું. એ તો લજાઈ ગઈ, પણ સૌથી મોટો અણુ બૉમ્બ પેલા તમામ ચોટી-ધારકો પર પડ્યો. મારા એકેએક હલન ચલન નિહાળવાને બદલે એક ડોસા પોતાના પગના નખ ખોતરવા લાગ્યા, એક આધેડ બારી બહાર ડાફોળીયા મારવા માંડ્યા, એક બે ચોટલિયુ તો ઊભી થઈને મંડી હાલવા! મારી સાથેના વડિલ પણ લજાઈ ગયેલા. પછી તો બધું નીતિનિયમ મુજબ પત્યું ને એમના કે મારા તરફથી ના કહેવાઈ.

જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

આ થઈ હળવી વાત, પરંતુ પછીથી એક એવી ઘટના બની, જેના પછી અમુક દિવસો સુધી મારી નીંદ હરામ થઈ ગઈ. થયેલું એવું કે, અમે એક છોકરી જોવા નડિયાદ ગયા. છોકરીનું કુટુંબ ખૂબ મિલનસાર, સરળ અને પ્રેમાળ. નડિયાદી છોકરીઓ કરતાં વિપરીત આ છોકરી શરમાળ અને અંતરમુખી. અમે બે કુટુંબો સરસ ભળી ગયા, હું અને છોકરી બેઠાં, વાતો કરી. પણ ખબર નહીં મને એવું લાગ્યું કે મામલા જમતા નહીં હે. બપોરે ભોજન બાદ અમારાથી છાની છાની રીતે છોકરીવાળાએ શ્રીફળ પણ મંગાવી લીધેલું, જેથી હા પડે તો રૂપિયો નાળિયેર આપી શકાય. છોકરી અને તેના કુટુંબીજનોના ચહેરા પરના ઉમંગથી મને લાગેલું કે એમની હા જ છે. અંતે અમે "પછી જણાવીશું" એમ કહી સાંજે નીકળી પડ્યા. એ સમયે એ લોકોના હાવભાવ અને દ્વિધા મારા ચિત્તમાં કોરાઈ ગયાં. આપણે પછીથી ના કહેવાડાવી. આ જવાબ પાઠવી દીધા બાદ કેટલીયે રાત મને ઊંઘ નહીં આવેલી. કારણ કે એ વખતે મને પોતાને જ હું ગુનેગાર જેવો લાગ્યો. છોકરીની ઈચ્છા અનિચ્છનું શુ ? એની હા છતાં છોકરો કે એનું કુટુંબ રિશતો ઠુકરાવે ત્યારે એમના સૌના દિલ ઉપર શું શું વિતતું હશે ? મને ત્યાર પછીથી છોકરી જોવા જવાની ઘટના પ્રત્યે જ નફરત થઈ ગયેલી.

આ બનાવો પછી હું વિચારતો થઈ ગયેલો, કે આ કેવું? શાકભાજી બજારમાં આપણે જઈએ અને જયાં સસ્તું અને સારું હોય ત્યાંથી શાકભાજી લઈએ એવી ફીલ આવતી મને, અને અંદર અંદર થતું કે છોકરી વાળા અને છોકરા વાળા બન્ને શાકભાજીની લારી વાળા જેવા જ હોય છે. એ રીંગણા લઈ લ્યો . . . ડુંગળી લઈ લ્યો . . . નોકરિયાત, વેલસેટ, પોતાની માલિકીના ઘર વાળો . . . જમાઈ લેવો છે જમાઈ ? લાંબી, પાતળી, દેખાવડી, ભણેલી અને પ્રેમાળ . . . વહુ લેવી છે વહુ ?

હેન્ડબ્રેક :
"લગ્ન એ માત્ર બે આત્માઓનું મિલન જ નથી, પરંતુ સોફા ઝાટકવા અને પંખા લુછવાનો સમન્વય પણ છે."

- djtrivedi@gmail.com
9978405967

દિન મહિમા

● કલ્કી જયંતિ

આજનું

ઔષધ

● અંધેડાનાં બીજનું ચૂર્ણ સહેજ સુંઘવાથી પુષ્કળ છીંકો આવે છે અને માથાનો દુઃખાવો મટી જાય છે.

ખડખડાટ

● વોશિંગ મશીનમાં કપડાના ચક્કર જોઈને એક વાત તો સમજાય ગઈ કે, જે ચક્કરમાં પડે છે એની ધોલાઈ તો થાય જ છે..

આજનું

વોટ્સએપ

● અનુભવ જ કિંમતી છે , પછી એ નોકરીમાં હોય કે જીવનમાં..!!